જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૧/૨૦૨૧ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૦/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૮૬ | ૪ | ૧૧૧૯૦ | ૧૭૩૧૭ | ૪ | ૧૭૩૨૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૨ | ૦ | ૪૭૦૨ | ૬૨૨૫ | ૦ | ૬૨૨૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૬ | ૦ | ૬૬ | ૨૬૬ | ૦ | ૨૬૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૮૭૦૧ | ૩૩ | ૨૮૭૩૪ | ૨૯૯૩૩ | ૩૭ | ૨૯૯૭૦ |
| કુલ | | ૪૪૬૫૫ | ૩૭ | ૪૪૬૯૨ | ૫૩૭૪૧ | ૪૧ | ૫૩૭૮૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૪ | ૧૦,૮૮,૭૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૬૨ | ૧૨,૬૨,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પાલડી પોલીસ સ્ટેશન :

## પાલડી વિસ્તારમાં સી.સી.ટી.વી. ફુટેજ આધારે ચોરી તથા અન ડીટેક્ટ ગુન્હા શોધી કાઢતો સર્વેલન્સ સ્કોડ પાલડી પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રી વાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમાં મીલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ તેમજ બનેલ અનડિટેકટ ગુનાઓ શોધી કાઢવા સારૂ સુચના કરેલ જે આધારે સંયુકત પોલીસ કમીશ્નર શ્રી આર.વી.અંસારીસાહેબ સેકટર-1 નાઓએ જરૂરી પેટ્રોલીગ રાખી ગુના શોધી કાઢવા સુચના કરેલ તેમજનાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રેમસુખ ડેલુ સાહેબ ઝોન-7 નાઓએ આ બાબતે જરૂરી માર્ગદર્શન તેમજ સુચના આપેલ તથામદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'એન" ડીવિઝનનાઓએ આ બાબતે જરૂરી પેટ્રોલીગ રાખી બનેલ ગુના શોધી કાઢવા જરૂરી માર્ગદર્શન તેમજ સુચના આપેલ જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.એમ.સોલંકી નાઓના સીધા માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ અને ચોરીના અનડિટેકટ ગુનાઓ શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડ ના પો.સબ.ઈન્સ. એન.યુ.ટાપરીયા તથા સ્ટાફના માણસોને પો.સ્ટે.વિસ્તારમાં બનેલ અનડીટેક્ટ ગુન્હાઓ તથા ચોરીના ગુન્હાઓ દાખલ થયેલ જે અંગે સી.સી.ટી.વી ફુટેજ આધારે પેટ્રોલીગ રાખવા સુચના આધારે અલગ અલગ ટીમો બનાવી તેઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ ના પો.સબ.ઈન્સ.એન.યુ.ટાપરીયા તથા (1) અનાર્મ હેડ કોન્સ. ગજેન્દ્રસિંહ ઈસરાસિંહ બ.નં.6254 (2) અનાર્મ હેડ કોન્સ. ગણપતભાઇ શીવાભાઇ બ.નં.4111, (3) પો.કોન્સ.આલીંગભાઈ બાબાભાઈ બ.નં.13216 (4) પો.કોન્સ.મોહંમદ જાવેદ નુરમહંમદ બ.નં.11845 (5) પો.કોન્સ. સાર્દુલભાઈ સાગરભાઈ બ.નં.8644, (6) પો.કોન્સ. અશ્વીનભાઈ પ્રભુભાઈ બ.નં.8818, (7) અ.લો.ર. રાજુભાઈ ઈશ્વરભાઈ બ.નં.4138, (8) અ.લો.ર. વિજયભાઈ હરજીભાઈ બ.નં.12038 વિગેરે સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન તા.27/01/2021 ના ક.19/30 વાગે સાથેના અનાર્મ હેડ કોન્સ. ગજેન્દ્રસિંહ ઈસરાસિંહ બ.નં.6254 તથા પો.કોન્સ.આલીંગભાઈ બાબાભાઈ બ.નં.13216 નાઓને સંયુક્ત ખાનગી બાતમી હકીકત મળેલ કે પાલડી પો.સ્ટે. પાર્ટ એ-11191016200547/20 ધી ઈ.પી.કો. કલમ 454, 457, 380 મુજબના કામનો આરોપી રાહુલ જગદીશભાઈ મીયાવરા ઉ.વ.22, ધંધો-છુટક મજુરી રહે.બ્લોક નં.1, સ્ટાફ ક્વાટર્સ, કેલીકો મીલની સામે, જમાલપુર, અમદાવાદ શહેર વાળાએ સદરહુ ગુનો આચરેલ છે જે આરોપી હાલમાં પાલડી ચાર રસ્તાથી એન.આઈ.ડી. તરફ લાલ કલરનું પલ્સર મો.સા. આર.ટી.ઓ.નં.GJ-01-VE-4561 સાથે પસાર થનાર છે. જે બાતમી આધારે પાલડી ચાર રસ્તા બી.પી.સી.એલ. પેટ્રોલ પંપ પાસે મજકુરને કોર્ડન કરી રોકી લઈ પ્રાથમીક પુછપરછ દરમ્યાન પોતે ઉપરોક્ત ગુન્હો આચરેલ હોવાનું જણાવેલ જેથી પંચનામાની વિગતે લાલ કલરનું પલ્સર મો.સા. આર.ટી.ઓ.નં.GJ-01-VE-4561 નાનું કિ.રૂ.1,50,000/- કબ્જે લેવામાં આવેલ છે

બાદ આરોપીને સદર ગુન્હાના કામે કોરોના રીપોર્ટ નેગેટીવ આવતા આજ રોજ તા.28/01/2021 ના ક.16/45 વાગે અટક કરવામાં આવેલ છે અને તપાસ દરમ્યાન આરોપી પાસેથી ઉપરોક્ત ગુન્હાનો મુદ્દામાલ રોકડા રૂ.31,700/- તેના રહેણાંક મકાનથી પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ છે તથા સદરી આરોપી વિરૂધ્ધ પાલડી પો.સ્ટે. એ-11191016210091/21 ધી ઈ.પી.કો. કલમ 379, 447 મુજબનો ગુન્હો રજી થયેલ હોય. જે ગુન્હાના સી.સી.ટી.વી. ફુટેજ જોતા સદર ગુન્હો પણ આરોપી રાહુલ જગદીશભાઈ મીયાવરા ઉ.વ.22, ધંધો-છુટક મજુરી રહે.બ્લોક નં.1, સ્ટાફ ક્વાટર્સ, કેલીકો મીલની સામે, જમાલપુર, અમદાવાદ શહેર નાઓએ આચરેલ હોય અને જે ગુન્હાનો મુદ્દામાલ રોકડા રૂ.18,000/- આરોપીના રહેણાંક મકાનેથી મળી આવતા આજરોજ તા.28/01/2021 ના ક.22/15 વાગે સદર ગુન્હાના કામે ધોરણસર અટક કરવામાં આવેલ છે. સદરહુ બંને ગુન્હાની તપાસ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એન.યુ.ટાપરીયા નાઓ ચલાવી રહેલ છે. તા.28/01/2021

## મુદ્દામાલ રીકવર :

આરોપી પાસેથી કુલ મુદ્દામાલ રૂ.1,99,700/- રોકડ રકમ તથા પલ્સર મો.સા. સાથે રીકવર કરવામાં આવેલ છે.

## આરોપીનો ગુનાહીત ઈતિહાસ :

આરોપી વસ્ત્રાપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.293/19 ધી ઈ.પી.કો. કલમ 379(એ)(3), 114 મુજબના ગુન્હાના કામે પકડાયેલ છે.



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

## બે વર્ષથી અપહરણ તથા પોકસોના ગુનામાં ૭૦ મુજબના વોરંટવાળા નાસતા ફરતા આરોપી નાઓને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મહે.પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર નાઓએ હાલમાં નાસતા ફરતા આરોપી પકડવા અંગેની ડ્રાઇવ અનુસંધાને મહે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબશ્રી નાઓએ રાખેલ સ્પેશિયલ ડ્રાઇવ અનુસંધાને તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સાહેબ નાઓના સીધી દેખરેખ હેઠળ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો આજરોજ તા.૨૮/૦૧/૨૦૨૧ ના કલાક.૨૧/૧૫ વાગે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૨૧/૧૯ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨) (એન) તથા પોકસો એકટ કલમ-૩,૪,૫(એલ),૬,૧૧૪,૧૨ તથા જે.જે.એકટ કલમ-૮૪ મુજબના ગુનાના કામના આરોપી સુબોધરાજ સ/ઓ રાજબહાદુર દેવીદયાલ જાતે તિવારી ઉ.વ.૩૪ રહે-મ.ન.બી/૪,હરીધામ સોસાયટી બાપાસીતારામ ચોક નવા નરોડા અમદાવાદ શહેર મુળ વતન ગામ-સિંહાબલી થાના-જશવંતનગર જી-ઇટાવા ઉતરપ્રદેશ નાઓ છેલ્લા બે વર્ષથી સદર ગુનામાં નાસતા ફરતા હોય જેઓને બાતમી આધારે ગોપાલ ચોક નવા નરોડા ખાતેથી પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૨૮/૦૧/૨૦૨૧

## આરોપીનું નામ

સુબોધરાજ સ/ઓ રાજબહાદુર દેવીદયાલ તિવારી ઉ.વ.૩૪ રહે-મ.ન.બી/૪ હરીધામ સોસાયટી બાપાસીતારામ ચોક નવા નરોડા અમદાવાદ શહેર મુળ વતન ગામ-સિંહાબલી થાના-જશવંતનગર જી-ઇટાવા ઉતરપ્રદેશ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.હેડ.કોન્સ.કલ્પેશભાઇ રણછોડભાઇ બ.ન.૫૦૭૧ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.ન.૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કો.હિતેષકુમાર ગોકળભાઇ બ.ન.૯૯૯૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧



# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>કૃષ્ણનગર પોલીસ સ્ટેશન</u>

## <u>આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ</u>

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૦૧૬ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦ (૨)નારણપુરા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૪૨૧૦૦૦૨ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૬૭ ૪૬૮,૪૭૧,૧૧૪ (૩)શાહપુર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૧૦૦૩૪ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦ (૪)વેજલપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૮૨૧૦૦૩૧ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦ મુજબના છેતરપીંડી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૫૯/૨૦૨૧ તા.૨૮/૦૧/૨૦૨૧ ના હુકમ આધારે તા.૨૮/૦૧/૨૦૨૧ ના કલાકઃ૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## <u>આરોપીનું નામ:-</u>

કરણ ઉપેન્દ્રભાઇ રજનીકાંત સિસોદીયા ઉ.વ.૨૦ રહે.સી/૧૧,દેવાશીસ એપાર્ટમેન્ટ સત્તાધાર ચાર રસ્તા સોલા અ'વાદ મુળવતન એ/૫, બાલાજી બંગ્લોઝ પાટણ હાઇવે ડીસા જી.બનાસકાંઠા

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



## નરોડા પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૧૦૭૫/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો ગુના દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૬૫/૨૦૨૧ તા-૨૮/૦૧/૨૦૨૧ ના હુકમ આધારે સદરીને તા-૨૮/૦૧/૨૦૨૧ ના કલાક ૧૭/૩૦ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૮/૦૧/૨૦૨૧

## આરોપીનુ નામ -

રીનાબહેન વા/ઓ રોકીભાઇ તમંચે (છારા) ઉ.વ.૪૦ રહે:માચીસ ગલી રાજુભાઇ કરીયાણાની દુકાનની ઉપર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા વુ.પો.સબ.ઇન્સ. એસ.એમ.ઠાકોર તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯

## વટવા પોલીસ સ્ટેશન

# વટવામાં ગેરકાયદેસર રીતે ચોરી છુપીથી દેશી-વિદેશી દારુના જથ્થાનો વેપાર કરતા ૦૩ આરોપીઓને પાસામાં ધકેલતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ‘જે’ ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યમાં દારુના વેપાર પર પ્રતિબંધ હોય તેમ જાણવા છતાં તેમજ હાલમાં અમદાવાદ શહેરમાં ચુંટણીના માહોલમાં ગેરકાયદેસર રીતે ચોરી છુપીથી દેશી-વિદેશી દારુના જથ્થાનો વેપાર કરતા તથા પ્રોહીબીશનના બુટલેગરો વિરુધ્ધ અટકાયતી પગલા લેવા માટે સુચનાઓ આધારે વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની માર્ગદર્શન તેમજ સુચના આધારે વટવા પો.સ્ટે. ખાતે અલગ અલગ પ્રોહીબીશનના ગુનાઓના ૦૩ આરોપીઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત પાઠવતા ૦૩(ત્રણ) આરોપીઓ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ પાસાનો હુકમ કરેલ હોય સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ આરોપીઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

અ.નં. (૧) અમનખાન ઉર્ફે સાહ્જો અસ્લમખાન પઠાણ ઉવ.૨૨ રહે- મ.નં.૧૫, બાગે અમન, દરબારનગર, યાકુબભાઈના ખેતરમાં, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પો. સ્ટે. પાર્ટ-સી-ગુરનં. ૧૧૯૧૦૩૮૨૧૦૦૦૯/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુના આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૫૩/૨૦૨૧ તા.૨૭/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૮/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને જિલ્લા જેલ જુનાગઢ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



અ.નં. (૨) આમનખાન ઉર્ફે રાજો અસ્લમખાન પઠાણ ઉવ.૨૦ રહે- મ.નં.૧૫, બાગે અમન, દરબારનગર, યાકુબભાઈના ખેતરમાં, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ દેશી દારૂ તથા ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારુના પ્રોહીબીશનના ગુનાઓ નં.(૧) વટવા પો. સ્ટે. પાર્ટ-સી-ગુરનં. ૧૧૯૧૦૩૮૨૦૦૫૫૫/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબ તથા નં.(૨) વટવા પો. સ્ટે. પાર્ટ-સી-ગુરનં. ૧૧૯૧૦૩૮૨૧૦૦૦૯/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ ના ગુનાઓ આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૬૨/૨૦૨૧ તા.૨૮/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૮/૦૧/૨૦૨૧ ના કલાક ૨૩/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



અ.નં. (3) અશરફખાન આબીદખાન પઠાણ ઉવ.૩૧ રહે- વીસ ઓરડી, સાજનપાર્કની સામે, મદનીનગર, સૈયદવાડી, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારુ ના પ્રોહીબીશનના ગુનાઓ નં.(૧) વટવા પો. સ્ટે. પાર્ટ-સી-ગુરનં. ૧૧૯૧૦૩૮૨૦૧૦૦૮/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબ તથા નં.(૨) વટવા પો. સ્ટે. પાર્ટ-સી-ગુરનં. ૧૧૯૧૦૩૮૨૧૦૦૭૦/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ ના ગુનાઓ આધારે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૬૬/૨૦૨૧ તા.૨૮/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૮/૦૧/૨૦૨૧ ના કલાક ૨૩/૨૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## શહેરકોટડા પોલીસ સ્ટેશન

# પ્રોહીબીશનના ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીઓની પાસા અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-3 સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી “ડી” ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર એસ.જે.રાજપુત તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા પ્રોહીબીશનના ગુનાઓ સાથે સંકળાયેલ આરોપી (૧) જીતુભાઇ સાવલગીરી ગોસ્વામી ઉ.વ.૨૩ રહે-લક્ષ્મીપુરા ગામ ખોડીયાર નગર સોસાયટી લાંભાગામ અમદાવાદ શહેર તથા (૨) રોહનભાઇ દીનેશભાઇ સોલંકી ઉ.વ.૨૨ રહે-મ.નં.૪૦૨/બી આદીત્ય ફ્લેટ ઇંડીયા કોલોની નજરાણુ હોટલની સામે હાઠીજણ અમદાવાદ નાને પકડી લાવતા સદરી વિરુધ્ધમાં શહેરકોટડા પો. સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૦૧૨૨/૨૦૨૧ પ્રોહી એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો દાખલ થયેલ હોય સદરી આરોપીઓ વિરુધ્ધ પાસા હેઠળ અટકાયત કરવા સારુ દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તરફ મોકલી આપતા (૧) જીતુભાઇ સાવલગીરી ગોસ્વામીનાને મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૬૩/ ૨૦૨૧ તા.૨૮.૦૧.૨૧ આધારે સદરી આરોપીને પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે તેમજ નં-(૨) રોહનભાઇ દીનેશભાઇ સોલંકીનાને મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૬૪/૨૦૨૧ તા.૨૮.૦૧.૨૧ આધારે મધ્યસ્થ જેલ, રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૨૮.૦૧.૨૧



જીતુભાઇ ગોસ્વામી રોહનભાઇ સોલંકી

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ અને ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૧૯૩/૨૦૨૧**

**પાલડીઃ** કર્મેશ શિવેન્દ્રભાઈ રાવલ (ઉ.વ.૨૭)(રહે.આશુતોષ બંગ્લોઝ ઈન્ડિયન બેંક સામે પી.ટી.કોલેજની બાજુમાં નારાયણનગર રોડ પાલડી) એ તા.૨૮/૦૧/૨૦૨૧ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અજાણી વ્યક્તિએ ઈન્સ્ટ્રાગ્રામ એપ્લીકેશન ઉપર સસ્તા ભાવે આઈફોન વેચવા મુકતા કર્મેશ રાવલે સંપર્ક કરતા તા.૩૦/૧૧/૨૦૨૦ થી તા.૧૮/૧૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ કર્મેશભાઇનો વિશ્વાસ કેળવી, સસ્તા ભાવે આઈફોન આપવાના બહાને કર્મેશભાઇ પાસેથી કુલ રૂપિયા ૭૪,૩૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ પુનાજી ચલાવે છે.

**ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૧૯૪/૨૦૨૧**

**સાબરમતીઃ** યોગેશભાઈ આનંદભાઈ દુબે (રહે.સંસ્કૃતી રેસીડેન્સી કાળીગામ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૧ રાતના ૯/૪૫ થી તા.૨૮/૦૧/૨૦૨૧ કલાક ૯/૨૫ વાગ્યા દરમ્યાન સાબરમતી કાળીગામ જાબું ચોક ખાતે આવેલ પોતાની “નીલમ કોમ્યુનીકેશન” નામની દુકાનનું તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૩,૭૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એસ.ઠાકર ચલાવે છે.

**વાહન ચોરી :- સમાચાર યાદી નં.૧૯૫/૨૦૨૧**

**સોલા હાઇકોર્ટઃ** હરેશભાઇ જીણાભાઇ રાદડીયા (રહે. શિવશક્તીનગર સોસાયટી બેન્ક ઓફ બરોડા સામે ગોતા રોડ ચાંદલોડીયા) એ તા.૧૭/૦૧/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગે પોતાના ઘર નજીક પોતાની વેગેનાર ગાડી નંબર જીજે.૦૧.એચપી ૯૯૩૦ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૯/૦૧/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હરેશભાઇ રાદડીયાએ તા.૨૮/૦૧/૨૦૨૧ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૬/૨૦૨૧**

**સોલા હાઇકોર્ટઃ** અશોકભાઇ દશરથભાઇ સોલંકી (ઉ.વ.૨૧)(રહે.ઇન્દીરા વસાહત બાપા સીતારામ મંદીરની બાજુમાં ચાણકયપુરી) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હેકો.શ્રી નિર્મલકુમાર ઇશ્વરભાઇ ચલાવે છે.

**રામોલઃ** મનીષ સર્વેષભાઇ ગુપ્તા (ઉ.વ.૨૧) (રહે.વ્રજભુમી પાર્ક વિનાયક પાર્ક સોસાયટીની બાજુમાં આર.ટી.ઓ રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૧ સાજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદ્રભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી